**<u>માણસાના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટ સમક્ષ,મુ.માણસા.</u>**

-----------------------------------

**<u>ક્રિ.કેસ.નં. ૧૫૨/૨૦૨૬.</u>**

આંક:– ૦૮

**<u>ફરીયાદી:–</u>** શ્રી સ ર કા ર ( કિશોરભાઈ પ્રતાપભાઈ ઠક્કર)

વિરુધ્ધ.

**<u>આરોપી:–</u>** ૧. મનોજભાઈ ગાભાભાઈ સેનમા

<u>રહે.</u> ઈટાદરા , તા. માણસા, જિ. ગાંધીનગર

--------------------------------------

**:<u>: કમિટલ હુકમ ::</u>**

(૧) આ કામના ફરીયાદીશ્રી અજગરઅલી તાજમહમદ સિપાઈ નાઓએ આ કામના આરોપીઓ વિરૂધ્ધ તા. ૧૨/૦૯/૨૦૨૫, ના રોજ માણસા પો.સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૨૧૬૦૦૯૨૫૦૫૯૩/૨૦૨૪ થી ફરીયાદ નોંધાવતાં માણસા પોલીસે ગુન્હો નોંધી યોગ્ય તપાસ બાદ આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ– ૩૨૫, ૨૯૯, ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ની કલમ–૧૧(૧)એલ. તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ ૨૦૧૧ની કલમ–૬(ક),૬(ખ),૮(૧) તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ–૧૯૫૪ ની કલમ–૫,૬ તથા જી.પી.એકટ કલમ ૧૧૯ મુજબ મુજબ સજાને પાત્ર ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી થવા સારુ અત્રેની કોર્ટમાં મોકલી આપેલ છે.

(૨) આ કામના આરોપીઓ ઉપરોકત ગુનાની ફરીયાદના સંદર્ભમાં મુદતે હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં

આવેલ છે. સદર આરોપીઓનું આંક- ૦૩ નિવેદન લેતાં તેઓએ તેમની સામેનો કેસ સ્વ-બચાવ સારુ ખાનગી વકીલ રોકી લડવા માં ગતાં હોવાનું જણાવેલ છે, પરંતુ સદર કેસ ચલાવવાની સત્તા અત્રેની કોર્ટને ન હોઈ, જે સદર કેસ ચલાવવાની સત્તા નામદાર સેશન્સ કોર્ટ,ગાંધીનગરને હોઈ, બી.એન.એસ.એસ.કલમ-૨૩૨ મુજબ કેસ કમિટ કરતો ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

- આ કેસ આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સારુ બી.એન.એસ.એસ.કલમ-૨૩૨ મુજબ કમીટ કરવામાં આવે છે.
- આ કેસ મોકલી આપ્યા બદલની જાણ ગાંધીનગર જીલ્લા સેશન્સ અદાલતના સરકારી વકીલશ્રીને કરવી.
- આ કામનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સેશન્સ અદાલત ગાં ધીનગરને મોકલી આપવું.

હુકમ આજ તારીખ- ૦૧ મી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૦૪/ ૨૦૨૬.
મા ણ સા.

( કુ. દામિની દિક્ષીત )
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
મા ણ સા.